Marengo CIMS
Hospital

# CIMS Cancer Care

Volume-6 | Issue-61 | May 25, 2024

Price : ₹5/-



# CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-61 | May 25, 2024

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ અમદાવાદે વર્લ્ડ થેલેસેમિયા ડે પર જાગૃતતા ફેલાવી



**DR ANKIT KUMAR JITANI**

MBBS, MD,
DM (Clinical Hematology), A.FAMS
Consultant Hematology,
Blood and Marrow Transplant
+91 87946 01030
ankit.jitani@marengoasia.com

થેલેસેમિયા એ આનુવંશિક લોહીની સમસ્યા છે જેની માત્ર બોન મેરો ટ્રાન્સપ્લાન્ટથી જ સફળતાપૂર્વક સારવાર થઈ શકે છે. થેલેસેમિયા સાથે સંકળાયેલા ચોક્કસ મ્યુટેશન્સને ઓળખવા અને ભાવિ પેઢીમાં આ બીમારીને ફેલાવાના જોખમનું આકલન કરવા માટે જિનેટિક ટેસ્ટિંગ કરી શકાય છે. થેલેસેમિયાને હરાવવા માટે નિવારણ જ એકમાત્ર આશા છે

અમદાવાદની મૈરિંગો સિમ્સ હોસ્પિટલે દર વર્ષે 8 મેના રોજ ઉજવાતો વર્લ્ડ થેલેસેમિયા ડે મનાવ્યો હતો. લોકોને સશક્ત બનાવવા, પ્રગતિને અપનાવવી: સૌના માટે સમાન અને સુલભ થેલેસેમિયા સારવાર એ આ વર્ષની થીમ છે.

થેલેસેમિયા એ ઓછું હિમોગ્લોબિન પેદા થવાના લીધે થતી વારસાગત લોહીની સમસ્યા છે. તે એવી જિનેટિક લોહીની સ્થિતિ છે જેમાં શરીરની હિમોગ્લોબિન પેદા કરવાની ક્ષમતા ઘટી જાય છે. આ એવું પ્રોટિન છે જે સમગ્ર શરીરમાં લાલ રક્ત કોશિકાઓમાં ઓક્સિજનનું વહન કરવા માટે જરૂરી છે. હિમોગ્લોબિનની અછતથી થાક, નબળાઈ અને વિવિધ સમસ્યાઓ જેવા લક્ષણો જોવા મળે છે. થેલેસેમિયા બે પ્રકારના હોય છે: આલ્ફા અને બીટા, જે ક્રોમોસોમમાં હાજર ડીએનએ ખામી (મ્યુટેશન)ના આધાર પર હોય છે. આ ખામી માતા-પિતાથી બાળકોમાં જાય છે. જો દંપતિ હિમોગ્લોબિન બનાવતા ડીએનએના એકમાં (બેમાંથી એક) આ ખામી ધરાવતા હોય તો તેઓ એસિમ્પ્ટોમેટિક છે પરંતુ દરેક ગર્ભાવસ્થા દરમિયાન 25 ટકા એવું જોખમ રહે છે કે ભ્રૂણ માતાપિતામાંથી ખામીયુક્ત ડીએનએનો વારસો મેળવી શકે અથવા થેલેસેમિયા દર્દી તરીકે જન્મી શકે છે.

આ લોહીની ખામી દર્દીઓના જીવન પર નોંધપાત્ર અસર કરે છે. દર્દીએ જીવવા માટે નિયમિતપણે બ્લડ ટ્રાન્સફ્યુઝન કરાવવું પડે છે. દર્દીને થાક, નબળાઇ, શ્વાસ લેવામાં તકલીફ, હાડકાંની વિકૃતિ અને વિકાસ થવામાં વિલંબ, હોર્મોનલ તકલીફોનો પણ સામનો કરવો પડે છે. નિયમિત ટ્રાન્સફ્યુઝનથી આયર્ન ઓવરલોડ થાય છે જે મોટાભાગની તકલીફો પાછળનું કારણ છે. દર્દીને ટ્રાન્સફ્યુઝનને લગતા ઇન્ફેક્શનનું પણ જોખમ રહે છે. સારવારની સતત



જરૂરિયાતથી પરિવાર પર પણ માનસિક, સામાજિક અને નાણાંકીય અસર થાય છે. આનો એકમાત્ર ઇલાજ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ છે જે આપણા દેશમાં ખૂબ જ ઓછા દર્દીઓ માટે ઉપલબ્ધ છે.

લોહીની અન્ય સમસ્યાઓના સામાન્ય લક્ષણો જેમાં બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ (બીએમટી)ની જરૂર પડે છે તેમાં નબળાઇ, થાક, સતત તાવ અથવા શરીર પર લોહીના ડાઘ જેવી સમસ્યાઓ ધરાવતા એનેમિયા દર્દીઓ તથા નબળાઈ, થાક, વજનમાં ઘટાડો, ગરદન, બગલ, કમરમાં લિમ્ફ નોડમાં સોજો, પીઠ અને શરીરમાં પીડા, કિડનીની તકલીફો, ચેપનું વધુ જોખમ અને રક્તસ્ત્રાવથી પીડાતા બ્લડ કેન્સરના દર્દીઓ સમાવિષ્ટ છે.

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ – હેમેટોલોજી, બ્લડ એન્ડ મેરો ટ્રાન્સપ્લાન્ટ ડો. અંકિત જિતાનીએ જણાવ્યું હતું કે વર્લ્ડ થેલેસેમિયા ડે મનાવવાનું મહત્વ એટલા માટે છે કારણ કે થેલેસેમિયાના નિવારણ અને તેની સારવાર અંગે જાગૃતતા ફેલાવવામાં

Volume-6 | Issue-61 | May 25, 2024

તેની નિર્ણાયક ભૂમિકા છે. આ દિવસ ગુણવત્તાસભર હેલ્થકેરની વધુ એક્સેસની હિમાયત કરવાનું અને દર્દીઓ માટે ઉપલબ્ધ નવી થેરાપી રજૂ કરવાના મહત્વને પણ દર્શાવે છે. જો કોઈ દંપતિ કેરિયર હોય તો બાળકનો થેલેસેમિયાની બીમારી સાથે જન્મ થતો અટકાવવા માટે ગર્ભાવસ્થાના પ્રારંભિક દિવસોમાં (ગર્ભાવસ્થાના 18 સપ્તાહ પહેલા) ભ્રૂણનું પ્રી-નેટલ જિનેટિક ડાયગ્નોસિસ અને સંભવિત કેરિયર સ્ટેટની તપાસ માટે અમે તમામ નવપરિણીત દંપતિઓ અને યુવાનોને સ્ક્રીનિંગ દ્વારા નિવારણ પર હંમેશા ભાર મૂકીએ છીએ.

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદના રિજનલ ડિરેક્ટર શ્રી ગૌરવ રેખીએ જણાવ્યું હતું કે પેશન્ટ ફર્સ્ટની અમારી પહેલની આસપાસના અમારા પ્રયાસોમાં અમે રક્ત સંબંધિત બીમારીઓના વધતા કિસ્સા અને આધુનિક સારવાર પદ્ધતિઓ અંગે જાગૃતતા ફેલાવવાનું લક્ષ્ય રાખીએ છીએ. અમારું ધ્યેય જીવન પર અસર કરી શકે તેવી સમસ્યાઓ અને બીમારીઓ અંગે સાચી માહિતી લોકોને પૂરી પાડવાનો છે. નિવારક પગલાં/લક્ષણોને શરૂઆતમાં જ ઓળખવાની હિમાયત કરીને અને આધુનિક સારવાર પદ્ધતિઓમાં આંતરદ્રષ્ટિ પૂરી પાડીને અમારું મિશન આ બીમારીઓને દૂર કરવાનું છે.

ડૉ. અંકિત જિતાનીએ વધુમાં ઉમેર્યું હતું કે હેમેટોલોજી અને સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશનમાં પ્રગતિ સાથે અને સંભવિત જીવલેણ રક્તની બીમારીઓ અને પીડિયાટ્રિક સોલિડ કેન્સર્સ અને કેટલાક ઓટોઇમ્યૂન બીમારીઓ માટે હવે જીવનરક્ષક ઉપાયો ઉપલબ્ધ છે. રક્ત કોશિકાઓ બોન મેરોથી પેદા થાય છે અને બીએમટીમાં નુકસાન પામેલા અથવા નાશ પામેલા બોન મેરોના સ્થાને તંદુરસ્ત કોશિકાઓ મૂકવામાં આવે છે.

ભારતમાં દર વર્ષે આશરે 2,500થી 3,000 બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ્સ (બીએમટી) કરવામાં આવે છે, જે 5 વર્ષ પહેલા માત્ર 500 હતા. જો કે બીએમટીની માંગ ટ્રાન્સપ્લાન્ટની સંખ્યા કરતાં ઘણી વધારે છે. મુખ્યત્વે જાગૃતિનો અભાવ, અપૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુશળ ડોક્ટરોની અછતને કારણે છે. બીએમટી વિવિધ પરિસ્થિતિઓ માટે સૂચવવામાં આવે છે, જેમાં બ્લડ કેન્સર, થેલેસેમિયા, સિકલ સેલ એનિમિયા, રોગપ્રતિકારક ઉણપ, એપ્લાસ્ટીક એનિમિયા, અમુક ઓટોઇમ્યૂન બીમારીઓ અને કેટલાક પીડિયાટ્રિક સોલિડ ટ્યૂમર્સનો સમાવેશ થાય છે.



CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-61 | May 25, 2024

# GI કેન્સરની સારવારમાં નવા યુગની શરૂઆત : અમદાવાદની મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં તબીબી ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ, રિવોલ્યુશનરી રોબોટિક સર્જરી



**DR MAHAVIR TADAIYA**

MBBS, MS, M.Ch.
Consultant Onco Surgeon
+91 99099 27664
mahavir.tadaiya@marengoasia.com

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલ (GI) કેન્સરની સારવાર માટે સૌથી અદ્યતન રોબોટિક સર્જરી કરવામાં આવી.. આ નવીન અભિગમ કેન્સરની સંભાળમાં એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે, જે દર્દીને વધુ ચોકસાઇથી સારવાર, ઝડપી રિકવરી અને ઉન્નત પરિણામો પ્રદાન કરે છે.

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ એડવાન્સ રોબોટિક સર્જિકલ સિસ્ટમ સફળ રોબોટિક ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલ (GI) કેન્સર સર્જરી સાથે ગ્રાઉન્ડ બ્રેકિંગ સિદ્ધિ હાંસલ કરી છે. ક્લિનિકલ નિપુણતાનું આ નોંધપાત્ર સિદ્ધિ GI કેન્સરને સંબોધવા માટે મિનિમલ ઈન્વેસિવ સર્જિકલ પદ્ધતિઓમાં મોટી પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે. એસ્ટર મેડિકલ સેન્ટર, બેંગલુરુના પ્રસિદ્ધ સર્જીકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. સોમશેખર એસપીના માર્ગદર્શન હેઠળ, ડૉ. મહાવીર તાડૈયા, કન્સલ્ટન્ટ GI અને ગાયનેક ઓન્કો-સર્જન, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા સર્જરી કરવામાં આવી હતી.

ઓપન અને લેપ્રોસ્કોપિક સર્જરીના એક દાયકાથી વધુના અનુભવ સાથે, અમારા કેન્સર સર્જનો કેન્સરના દર્દીઓ માટે અદ્યતન રોબોટિક સર્જરી અપનાવીને પ્રગતિશીલ બની રહ્યા છે. મૈરિંગો સિમ્સ હોસ્પિટલના નવીનતા, શ્રેષ્ઠતા અને દર્દી-કેન્દ્રિત સંભાળ માટેના સમર્પણને દર્શાવે છે. અત્યાધુનિક રોબોટિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને, સર્જિકલ ટીમે GI કેન્સર સામે લડતા વ્યક્તિઓ માટે અજોડ ચોકસાઇ અને વધુ સારા પરિણામો હાંસલ કર્યા છે.

એક દાયકા પહેલા મોટા ચીરા ની જરૂર હોય તેવી ઓપન સર્જરી જરૂરી હતી. જો કે, છેલ્લાં કેટલાંક દાયકાઓમાં તાજેતરની પ્રગતિએ લેપ્રોસ્કોપી અને રોબોટિક સર્જરી જેવી મિનિમલી ઈન્વેસિવ શાસ્ત્રક્રિયાઓ કેન્સર સર્જરીમાં મોખરે છે.

રવીન્દર, 60 વર્ષીય પુરૂષ દર્દી, ગુજરાત બહારથી મૈરિંગો સિમ્સ કેન્સર સેન્ટરમાં ડૉ. મહાવીર તડૈયાની સલાહ લેવા આવ્યા હતા. તેમના રિપોર્ટમાં ડાબી બાજુના આંતરડાના કેન્સરનો સંકેત મળ્યો હતો. વિવિધ વિકલ્પોના ફાયદા અને ખામીઓને કાળજીપૂર્વક ધ્યાનમાં લીધા પછી, દર્દીએ રોબોટિક સર્જરી પસંદ કરી. તેમણે કોઈપણ ઇન્ટ્રાઓપરેટિવ અથવા તાત્કાલિક પોસ્ટઓપરેટિવ ગૂંચવણોનો સામનો કર્યા વિના રોબોટિક કોલેક્ટોમી પ્રોસિજર કરી.

પ્રોસિજરમાં કાર્યરત અત્યાધુનિક રોબોટિક સિસ્ટમ અસંખ્ય લાભો પ્રદાન કરે છે, જેમાં અપ્રતિમ ચોકસાઈ સાથે નાજુક એનાટોમિકલ માળખાને નેવિગેટ કરવાનો સમાવેશ થાય છે; આજુબાજુના પેશીઓને થતા નુકસાન ને ઘટાડવા માટે મિનિમલ ઈન્વેસિવ, પીડામાં ઘટાડો અને દર્દી માટે ઝડપી રિકવરી; પ્રોસિજર દરમિયાન વધુ સારા વિઝ્યુલાઇઝેશન સાથે સારી રીતે નિર્ણય લેવામાં સક્ષમ બનાવે છે.

**ડૉ મહાવીર તડૈયા, કન્સલ્ટન્ટ GI અને ગાયનેક ઓન્કો-સર્જન,** કહે છે, "આ સિદ્ધિ GI કેન્સરના દર્દીઓ માટે સર્જિકલ સંભાળને આગળ વધારવાના અમારા પ્રયાસોમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. દર્દીના આરામ અને પુનઃપ્રાપ્તિને પ્રાથમિકતા આપતી વખતેરોબોટિક ટેક્નોલોજી દ્વારા આપવામાં આવતી ચોકસાઇ અને દક્ષતા અમને શ્રેષ્ઠ પરિણામો આપવા માટે સશક્ત બનાવે છે."

**ડૉ. સોમશેખર એસ પી, HOD સર્જીકલ ઓન્કોલોજી, એસ્ટર મેડિકલ સેન્ટર, બેંગલુરુ** કહે છે, "મિનિમલી ઈન્વેસિવ અભિગમ સાથે રોબોટિક GI કેન્સર સર્જરી પરંપરાગત ઓપન સર્જરીની સરખામણીમાં ઓછામાં ઓછું લોહી વહેવું , ઝડપી રિકવરી સમય અને ઑપરેટીવ પછીની પીડા ઘટાડે છે. આ નવીન અભિગમ કેન્સરની સંભાળમાં નોંધપાત્ર પ્રગતિને ચિહ્નિત કરે છે, દર્દીઓને ઉન્નત ચોકસાઇ અને વધારે સારા પરિણામો પ્રદાન કરે છે. રોબોટિક GI કેન્સર સર્જરી તેની ચોકસાઈને કારણે લેપ્રોસ્કોપિક સર્જરી કરતાં શ્રેષ્ઠ છે અને કેન્સરના દર્દીઓ માટે વરદાન છે.

**શ્રી ગૌરવ રેખી, રિજિનલ ડાયરેક્ટર, પશ્ચિમ** કહે છે, "મૈરિંગો સિમ્સ હોસ્પિટલે રોબોટિક સર્જરીની ગ્રાઉન્ડ બ્રેકિંગ રજૂઆત સાથે GI કેન્સરની સારવારમાં નવા યુગની શરૂઆત કરી છે. આ મહત્વપૂર્ણ ક્ષણ તબીબી ધોરણોને આગળ વધારવા અને દર્દીની સંભાળમાં પરિવર્તન લાવવાની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે, ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલ કેન્સર સામે લડવામાં એક નવો માપદંડ સ્થાપિત કરે છે."

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ કેન્સરની સંભાળ સેવાઓની સંપૂર્ણ શ્રેણી પૂરી પાડે છે, જેમાં નિદાનથી લઈને વ્યક્તિગત સારવાર અને ફોલો-અપ કેરનો સમાવેશ થાય છે. અમારા ડિપાર્ટમેન્ટ તાજેતરમાં સર્જીકલ રોબોટિક સિસ્ટમ અને ઇન-હાઉસ PET સ્કેન મશીન જેવી અત્યાધુનિક ટેક્નોલોજીનો સમાવેશ કરવા માટે વિસ્તરણ કર્યું છે. વધુમાં, અમે બે લિનાક એક્સીલેટરથી સજ્જ અત્યાધુનિક રેડિયોથેરાપી વિભાગ તેમજ કીમોથેરાપી, સર્જરી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટમાં વ્યાપક સેવાઓ સમાવેશ થાય છે.

# CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-61 | May 25, 2024



એક હૃદય

એક જીવન
એક મંજિલ

કાર્ડિયાક સાઈન્સ
મૈરિંગો સિમ્સ હોસ્પિટલ

# 25 વર્ષ વિશ્વાસપાત્ર હૃદયની સંભાળના

## પેસમેકર, અનિયમિત ધબકારાની EP સ્ટડી દ્વારા સારવાર માટે

## ગુજરાતમાં અગ્રણી



**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
Email: marengocims.info@marengoaisa.com

JCI (USA) | NABH | ACC American College of Cardiology

For emergency or appointment,
1800 309 9999

CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-61 | May 25, 2024

JCI (USA)

ONE HEART

ONE LIFE
ONE DESTINATION

CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ
## ટ્રાન્સપ્લાન્ટમાં ભારતભરમાં અગ્રેસર

# 51મું
# હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ



**ધબકતું હૃદય અને જિંદગીની અમૂલ્ય ભેટ આપનાર દરેક ડોનરને દિલથી સલામ !**

## ભારતની સૌથી વિશાળ હાર્ટ કેર નિષ્ણાંતોમાંની એક ટીમ

### કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન્સ/ હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન સર્જન્સ

ડો. ધીરેન શાહ (ડિરેક્ટર) | ડો. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડો. કિશોર ગુપ્તા | ડો. નિકુંજ વ્યાસ | ડો. શૌનક શાહ | ડૉ. પ્રણવ મોદી

### હાર્ટ ફેલ્યોર અને ટ્રાન્સપ્લાન્ટ કાર્ડિયોલોજિસ્ટ્સ

ડો. તેજસ વી. પટેલ | ડૉ. સત્ય ગુપ્તા | ડો. ઉર્મિલ શાહ | ડો. અનીશ ચંદારાણા | ડો. કેયુર પરીખ | ડો. મિલન ચગ | ડો. અજય નાયક | ડો. હેમાંગ બક્ષી | ડો. હિરેન કેવડીયા | ડો. વિપુલ કપૂર | ડો. કશ્યપ શેઠ

### હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટ એન્ડ ઇન્ટેન્સિવિસ્ટ

ડો. નિરેન ભાવસાર | ડો. હિરેન ધોળકિયા | ડો. ચિંતન શેઠ

CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-61 | May 25, 2024

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં

# કેશલેસ સેવાઓ

### હવે ઉપલબ્ધ



**જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત**

**અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેકટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિકસન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફ્વે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેકટર અન્ડરટેકિંગ (PSU)

- એરફોર્સ સ્ટેશન - વડસર*
- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- **સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (GSFC)
- **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)**
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર (IIT-GN)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)**
- **ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)**
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRCTC)
- **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)**
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- **ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે,)**
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- રાજકોટ નાગરિક સહકારી બેંક (RNSB)*
- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)**
- **વેસ્ટર્ન રેલ્વે**

*** ટાઈ-અપ્સ મુજબ રિમ્બર્સમેન્ટ સુવિધા**

India's **New Destination** For Transplants ▪ Heart ▪ Liver ▪ Kidney ▪ Lung ▪ Paediatric BMT

CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-61 | May 25, 2024

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**
**Published on 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**
**Postal Registration No. AHD-C/100/2023-2025 issued by SSP Ahmedabad valid upto 31st December, 2025**

**If Undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Call : 1800 309 9999

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription




Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**